**કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,**

**બ્લોક નં-૯, પ્રથમ માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ગુજરાત રાજ્ય**

ક્રમાંક: ઘ/આનદ-૩/વ.ક.સંઘ/વશી-૨૬૫/૨૦૨૦/17209 તા.15/૦૯/૨૦૨૦

પ્રતિ,

શ્રી મહેન્દ્ર સી. પટેલ,

અધ્યક્ષશ્રી,

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ,

શ્રી જે.બી. શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ,

મોડાસા, જિ. અરવલ્લી

વિષય: ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટેની અરજીની સમયમર્યાદા લંબાવવા બાબત.

સંદર્ભ: આપના તા. ૨૭/૦૭/૨૦૨૦ ના પત્ર અન્વયે.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપના સંદર્ભદર્શિત પત્ર થી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટેની અરજીની સમયમર્યાદા ૦૧ વર્ષ સુધી લંબાવવા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭/૦૭/૨૦૨૦ ના ઠરાવથી લાગુ પાડેલ છે જે અંગે સદર ઠરાવ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને લાગુ પાડવા અંગે રજૂઆત કરેલ છે.

આપની રજૂઆત અન્વયે જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ ના ઠરાવની જોગવાઈ ક્રમાંક નં. - ૭ બાબતે સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૧/૦૮/૨૦૧૭ ના ઠરાવથી સુધારો બહાર પાડેલ છે જેમાં બિનસરકારી અનુદાનિત સંસ્થાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કિસ્સામાં તેના આશ્રિત કુટુંબને પણ સમાન રીતે લાગુ પાડવાનો ઉલ્લેખ કરેલ છે તથા શિક્ષણ વિભાગના તા. ૦૪/૦૫/૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંક: બમશ/૧૦૧૧/૧૪૧૮/ગ થી પણ સદર યોજના બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના અવસાનના કિસ્સામાં લાગુ પાડવા જણાવેલ છે.

વધુમાં, શિક્ષણ વિભાગના તા. ૦૪/૦૫/૨૦૧૮ ના પરિપત્રમાં જણાવ્યા મુજબ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ ના ઠરાવના અનુસંધાને ભવિષ્યમાં જો કોઈ સુધારાઓ કરવામાં આવે અને તે સુધારાઓમાં ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને લાગુ પડશે તેવી જોગવાઈ કરવામાં આવે તો તે આપોઆપ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના કિસ્સામાં આપોઆપ લાગુ પડશે તથા તેના માટે અલગથી વિભાગની મંજુરી મેળવવાની રહેશે નહિ.. પરંતુ જો યોજનાનું સ્વરૂપ બદલાય તો સરકારની પૂર્વ મંજુરી વિના કાર્યવાહી કરવી નહી. [PTO]→

આમ, ઉક્ત તમામ બાબતો જોતા સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭/૦૭/૨૦૨૦ ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ ના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીઓના અવસાનના કિસ્સામાં આશ્રિત દ્વારા અરજી કરવાની સમયમર્યાદા છ માસથી વધારી ૦૧ વર્ષ સુધી લંબાવવા અંગેનો સુધારો બહાર પાડવામાં આવેલ છે પરંતુ યોજનાનું સ્વરૂપ બદલાતું ન હોવાથી શિક્ષણ વિભાગના તા. ૦૪/૦૫/૨૦૧૮ ના પરિપત્રની જોગવાઈ મુજબ સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭/૦૭/૨૦૨૦ ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ સુધારો આપોઆપ રાજ્યની તમામ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ ને લાગુ પડશે. જેની નોંધ લેશો.

નાયબ શિક્ષણ નિયામક,
માધ્યમિક,
ગુ.રા., ગાંધીનગર